પ્રસ્તાવના.

જેઓ આર્ય સન્તાન છે, જેઓની નસોમાં આર્ય રૂધીર હજુ ધગધગી રહ્યું છે, જેઓનો દેશ હિન્દુસ્તાન છે, અને જેઓના પૂર્વજોએ ધર્મ માટે પોતાના શરીરને બાળી ખાખ કરી નાંખ્યા છે, તથા પશુ હીંસા સામે પોકાર કરી જેઓએ દયા અને પવિત્રતાનું ધર્મ રાજ્ય સંસારમાં ફેલાવી મુક્યું હતું એવા મહાન પુરૂષોના મહાન પુત્રો સામે આજે સ્વધર્મની રક્ષાને માટે, જનની ભારતના ગૌરવને માટે તથા અહીંસાના પ્રચારને માટે એક બાળક વિદ્યાર્થીએ પોતાનો જે ઉભરો બહાર કાઢેલ છે તેને દરેક સ્વદેશાભિમાની ધાર્મિક મનુષ્ય યોગ્ય ન્યાય આપશે એમ અમને સંપૂર્ણ ભરોંસો છે. મહાન્ શ્રીકૃષ્ણ, રામ, અને હરીશ્ચંદ્રની પૂણ્ય ભૂમી આજે પાયમાલ થઇ ગેઇ છે, અને જે મહાન નરોના ધાર્મિક વ્રતના પડઘા હજુ આ પવિત્ર ભૂમી ઉપર પડતા રહ્યા છે, તેવા આપણા પ્રાચિન મહા પુરૂષોની કીર્તિની ખાતર હવે દેશ તથા ધર્મનો ઉદ્ધાર કરવા કટિ બદ્ધ થવાની જરૂર છે. આજે સંસારમાં પશુ હત્યા અત્યાચાર ને ગરીબ પ્રજાપર ત્રાસ વર્તાઇ રહ્યો છે તેવા સમયમાં આપણે આંખ ખોલી તથા દેશ સામું દયાની નજરથી જોશું નહિ તો આપણે હીચકારા અને બાયલા ગણાશું.

અન્ય દેશોનો વેપાર જ્યારે આપણું લોહી ચુસી જાય છે, આપણા ભાઈ બાંધવો જ્યારે ભૂખથી મરી જાય છે તથા દેશમાં પરદેશી ખાંડથી નવા પ્રકારના રોગો ફેલાઇ રહ્યા છે ત્યારે શું આપણે હજુ દેવમન્દીરમાં ગાય તથા સુવરના લોહી માંસના પ્રસાદ બનાવી આપણી જીભને તૃપ્ત કરશું ? એક સ્વાદને ખાતર આપણે આપણા દેશની લક્ષ્મીને પરદેશીઓ સાથે પરણાવી આપશું ? શું એક સફેત સાકરના સ્વાદને ખાતર પશુઓના લોહીનો વેપાર આપણે ચાલવા દેશું ? એક જીભડીના ઘડી ભરના સ્વાદને ખાતર શું આપણે આપણા દેશને દગો દેશું ? હીન્દુજાતી એક સંસારમાં દયામયી જાતી છે. હીન્દુજાતી એક સંસારમાં પવિત્ર જાતિ છે. જે હીન્દુઓ પશુઓની રક્ષા તથા દયાનો ઝુંડો હાથમાં લઇ જગતમાં આજ સુધી પોતાનો ધાર્મિક ધ્વજ ફરકાવતા તે જાતી શું આજે પશુઓનું લોહી ચાખવા હરગીઝ તૈયાર થશે ? ? ?

નહિ નહિ. હજુ ભારત વાસીઓએ પોતાના પ્રાણથી પણ વહાલો સ્વધર્મ જીવતો રાખ્યો છે, હજુ આ જીવતી જાગતી માતૃ ભૂમી ઉપર ભીક્ષાની ઝોળી ખાલી પડી નથી તો આ બાળકનો પોકાર કદી પણ વ્યર્થ જશે નહી એમ મને પુરી ખાતરી છે.–

આ કવિતાઓનો લેખક એક સોળ સત્તર વર્ષનો બાળક છે અને તે પોતાનાં વડીલો પાસે સ્વદેશી ખાંડના વ્રતની ભીક્ષા માંગે છે, એવો કોણ કઠણ હ્રદયનો હીન્દુ કે મુસલમાન છે કે જે આનિર્દોષ બાળકની આપીલને માન દેશે નહિ. ધર્મ ગુરૂઓ અને નાતના વડવાઓએ જે કામ કરવું જોઇએ તે કામ માટે એક બાળક પોતાની તિવ્ર ગર્જના કરે છે તે શું ભારતની ભાવી ઉન્નતિની આગાહી નથી ! ! ! વડીલો અને ધર્મ ગુરૂઓ આજે મિષ્ટાન્ન ઉપર દીવાના થઈ અપવિત્ર ખાંડ સાકરને જીભથી છોડી શકતા નથી ત્યારે હીન્દના બાળકો સ્વદેશી ખાંડ માટે પોકાર કરી રહ્યાં છે !

હે ધર્મ ગુરૂઓ ! હે નાતના અગ્રેસરો ! હે દેવ મન્દીરના પુજારીઓ ! હે દેશની માતાઓ ! હવે તમારા દેશ તથા ધર્મને સંભાળો અને એક જીભના સ્વાદને માટે ધર્મ તથા દેશને ડુબાડવા તૈયાર થાઓ નહી. આશા છે ગુર્જર જેવી પૂણ્ય ભૂમી તથા કાઠીઆવાડ જેવી દાનેશ્વરી ભૂમીના સત્તા આ બાળકના પોકારને યોગ્ય ન્યાય આપશે.

વિનંતી સેવક
"બુલ બુલ"

ગૌનું માંસ ખાતાં બચો.

હરીગીત.

જેના પ્રતાપે આપણે જીવી જગેં સુખ માણીએં
મરતી વખત મુખ નામ લીધે સ્વર્ગમાં સુખ પામીએં
ગૌમય અને ગૌમુત્રથી પણ સંકટો સંહારિએં
માખણ દહીં દુધ ઘી થકી મસ્તાન થઇ મદ માણીએં ૧
એ માતનું રૂધીર વિદેશી ખાંડ શાકરમાં પડે
અપૂશોષ છે હાય એહ ચીની દેવ મંદિરમાં ધરે
સ્વર્ગે ગએલા પિત્રુઓનું શ્રાદ્ધ જે લોકો કરે
ગૌરકત મય ચીની જમાડયે સ્વર્ગથી નર્કે પડે ૨
વળી કોઢીઆનું માંસને પેશાબ પણ જેમાં પડે
અરે હાય હાય ધિક્કાર છે કે આર્ય બંધુ એ જમે
જે દૃષ્ટ યવનો ગાયને જે જે સ્થળે સંહારતા
તકરાર તે સામેં કરી ગૌમાતને નિભાવતા. ૩
ગૌવધ તમે સહુ બંધ કરવા બહુ સભામાં લેંકતા
ગૌમાંસને કરમાં ધરી હોંસે જમો બહુ બહેંકતા
દીલગીર છઉં કે નર્કમાં પણ ઠામ સારૂં નહીં જડે
હાય છેક છોડયો ધર્મ શું સ્વાર્થાન્ધ થઇ મદમાં અરે ૪
યવનો નહીં મહીં આવતા એ બોર્ડ મંદિર પર જડો
ગૌમાંસને ગૌરૂધીર પણ નિર્દોષ ઠાકોરને ~~ધરે~~
અરે પાપીઓ નિજ ખાવ પણ શું દેવને દાનવ કરો
પવિત્રતાનો ચીપીઓ શું ફંકુનો કપટી ધરો ? ૫
અરે હાય કાળો કેર આ કોની કને હું જઇ કહું ?
અંગાર આંખોથી ઝરે પણ સમય ચેતી શું કરૂં
અરે આર્ય બંધુ વિનયથી કહું તે તમે કાને ધરો
એ રકત મય ચિની તજીને શુદ્ધ દેશી વાપરો ૬
દેશી કદાપી નહીં મળે તો ધુળ ચપટી ચાવજો
વળી શર્ણ થાતાં મર્ણને પણ એ ચીની નહીં લાવજો
મનમારીને લેજો પ્રતિજ્ઞા આર્ય ગૌરવ મન ધરી
હરહર નવલ આ હદ થઇ સદ્બોધ દેતું હે હરી. ૭

પ્રારંભ પ્રાર્થના.

પ્યારા ભ્રાત પ્રેમ થકી જાગો સત્વરે
કટી બધ થઇને વાલા ઉઠો ને હવે
હાક મારી ભાર્તેશ્વરી જૂઓશું વદે
જય જય જય
શું ઉંઘો હવે પ્યારા.
ધૈર્યતણી ઢાલ ગૃહો ઐકયતા અસી
દારિદ્ર દીન દેશનું હણો કટી કસી
સ્હાય થાશે શકિત માતા ભાર્ત ઇશ્વરિ
જય જય જય
જાગો સહુ હવે પ્યારા.

અરે હાય એ ચંડાલને તું કાં નથી સંહારતી

હરીગીત.

ઓ માત મારી ભારતી શું ઉંઘમાં ઘેરાય છે!
અરે હાય નહીં જોવાય અહીંયાં ત્રાસ બહુ વરતાય છે
નિદ્રા ઉરાડી સ્હાય થાતું વાહલી માતા ભારતી
અરે હાય એ ચંડાલનેતું કાં નથી સંહારતી. ૧
તુજ વાહલી પુત્રી ગાયના રકતોની ચીની જે બને
અરે હાય કહેતાં શર્મ છે કે તેજ તે દુષ્ટો જમે
મુજ વાહલી બ્હેની ગાયની ફરિયાદ કાં સુણતી નથી
અરે હાય એ ચંડાલને તું કાં નથી સંહારતી. ૨
અરે ખાય એ દુષ્ટો ભલે પણ બંધુ જે ખાતા નથી
વટલાવવા તેને વિચારે હાય કાં મરતા નથી
એ દુષ્ટને જણનારિયેરે ! ઝેર કાં પાયું નહીં
અરે હાય એ ચંડાલને તું કાં નથી સંહારતી. ૩
ગૌ રકત વાળી ખાંડનો વેપાર પણ એ બહુ કરે
હાય હસ્તને દુકાન કાં હે માત એનાં ના બળે?

ગૌમાંસને પણ વેચવા તૈયાર છે એ ખાટકી, (કહેવાય છે)
અરે હાય એ ચંડાલને તું કાં નથી સંહારતી. ૪

અરે એથી પણ અટકયા નથી બહુ કૃત્ય કાળાં એ કરે
એ ભ્રષ્ટ ચીની યુકિતથી દેશી તરીકે વાપરે
એ નર પિશાચો નર્કમાં શું નહીં પડે ઓ ભારતી !
અરે હાય એ ચંડાલને તું કાં નથી સંહારતી ? ૫

અરે બાયલાઓ ! બ્હાર જઇ દરિયામંહીં ડુબી મરો
વિશ્વાસ ઘાતી પાપીઓ દિલ લેશ ઇશ્વરથી ડરો
તમ પાપીયોનો ભાર આ ભૂમિ હવે ખમતી નથી.
અરે હાય એ ચંડાલને તું કાં નથી સંહારતી ! ૬

અરે હાય આ ધંધો અસુરિ પ્રતિજ્ઞાથી પરહરો
નહી મોત ક્ષણ ભર છોડસે કંઈ જીંદગી સાર્થક કરો.
સહુ માફી માગો પ્રેમથી દેશે નવલની ભારતી.
અરે હાય એ ચંડાલને દે માત મારી સન્નમતિ. ૭

આર્ય વિદ્યાર્થી

હલવાઇ કે કસાઈ કે આ રાક્ષસો કહેવાય છે ?

હરિગીત.

હાય હાય હું તે શું લખું મન મારૂં ગભરાય છે
ગૌ માતનું રૂધીર અહીં હરગીઝ શું રંધાય છે !
ગૌ રક્તમય આ ખાંડની મીઠાઇ શું અહીં થાય છે ! !
હલવાઈ કે કસાઇ કે આ રાક્ષસો કહેવાય છે ! ! ! ૧

જો ખાંડમાં ગૌ રક્ત અસ્થિ માંસ મેદ નખાય છે
બહુ સડેલા મુડદાંનો પણ ઉપયોગ બહુધા થાય છે
જે ખાડની મોકાણથી આ प्लेग पण फेलाइ छे
હલવાઇ કે કસાઇ કે આ રાક્ષસો કહેવાય છે ૨

જે ખાંડનો પણ સ્પર્શ કરતાં સીધું નર્ક જવાય છે
હાય હાય હદ આવી રહી શું તેજ અહીં રંધાય છે !

એ ભ્રષ્ટ ચીની રાંધવા શું હિન્દુઓ તૈયાર છે ! !
હલવાઈ કે કસાઇ કે આ રાક્ષસો કહેવાય છે ! ! ! ૩

જે સ્વાર્થ માટે દૂષ્ટ લોકો ધર્મને તજનાર છે
દુ:ખ ભોગવી મરશે ખરેખર પશુવત અવતાર છે
એ દૂષ્ટને ક્ષણ જંપવા શું નર્કમાં મળનાર છે !
હલવાઇ કે કસાઇ કે આ રાક્ષસો કહેવાય છે ! ! ૪

અરે ભાઇ એ ગૌ રક્ત વાળી ખાંડ શું રાંધો તમે
જો પેટ માટે કહો તો ઝટ પેટ એ ફોડો તમે
અરે હાય આતો પેટ માટે છેક ખોટું થાય છે
હલવાઇ કે કસાઇ કે આ રાક્ષસો કહેવાય છે. ૫

મુજ બંધુઓ કરી ગર્જના લ્યો ટેક સહુ નિશ્ચય કરી
નહીં રાંધવીએ ભ્રષ્ટ ચીની સાક્ષી રાખી શ્રી હરી
અરે અડકશો નહીં એહને જહાંતક હૃદયમાં પ્રાણ છે
હલવાઈ કે કસાઈ કે આ રાક્ષસો કહેવાય છે ૬

ફોકટ મળે કદી ભ્રષ્ટ ચીની પ્યારા પણ નહી અડકશો
ભીંડો મળે મોંઘો કદી મચ્છી શું સસ્તી ખરીદશો
હર હર નવલ આ આર્ય ગૌરવ છેક આજ લજાય છે
હલવાઇ કે કસાઇ કે આ રાક્ષસો કહેવાય છે ૭

આર્ય વિદ્યાર્થી.

અત્યંજથી અધમ કોણ ?

સવૈયા

આંખ ખોલીને જુવો બંધુઓ હવે જુલમનો આવ્યો પાર
આર્ય નામને કલંક દેવા હાય થયા શું તમે તૈયાર ?
છટ છટ કરતા છેટા ખસો છો અંત્યજને આપી ધિક્કાર
સહેજ અડકતાં સ્નાન કરો છો ગર્વની માંહે બની ગમાર ૧

ચર્મ અસ્થિને માંસ ચુંથે છે માટે એ સહુ દુષ્ટ અપાર
તિરસ્કાર અતિશય આપો છો ફોકટ ગર્વ ધરી મન યાર

દુષ્ટ નથી અંત્યજ તમથી પણ દુષ્ટ તેનાથી આપ અપાર
સ્નાન ઘટે છે તેને કરવું આપને અડકી જતાં લગાર ૨

માફ કરો મુને કહેવું પડે છે અંત્યજના પણ છો સરદાર
એ પશુ રક્તને ચર્મ ચુંથે છે પણ પ્રીતે આરોગો આપ
વિદેશી ચીની શાની બને છે લેશ કીધો શું તેનો વિચાર
કહેતાં વમન આવે છે મુજનેપણ નથી શર્મ તમને લગાર ૩

પુજો છો બહુ પ્રેમ ધરીને સહુ સુખ દેનારી ગૌ માત
અસ્થિ રક્ત તેનું નાંખે તે આર્ય પુત્ર આરાગો આપ
કયા શબ્દથી કહો ધિક્કારૂં હાય કહું શું તમને આજ
સુખ નવ થાસે સ્વપ્ને ભાઇઓ નિશ્ચય થાસે નર્કે વાસ. ૪

જે વિર પુત્રો ગૌને માટે પ્રાણ અર્પતા થઈ તૈયાર.
તેના પુત્રો ગૌ ભક્ષક છે કોટમ કોટી છે ધિક્કાર
કાં નવ સળગે જીભ તમારી ભ્રષ્ટ ચીનીને જમતાં હાય
કુળાંગાર શું થયા કુળમાં હાય લજાવો છો શું માય. ૫

જો નવ ચાલે ભ્રષ્ટ ચીની વિણ દુષ્ટ જીભને દયો અંગાર
કે ઉચરે નહીં ભ્રષ્ટ ચિનીનો અંત સુધિ પણ એ ઉચ્ચાર
કહે નવલશંકર શુદ્ધ દિલથી લીઓ પ્રતિજ્ઞા આર્યો આજ
આશીષ ગૌ માતા તો આપે જલદિ મળશે હિન્દ સ્વરાજ્ય ૬

આર્ય વિદ્યાર્થી.

જાગો મુસલમાન ભાઇઓ જાગો.

સવૈયા

અરે મુસલમીન ભાઈઓ મારા કેમ ઉંઘો છો ધરી નિરાંત
ભ્રષ્ટ ચીનીને ખાંતે ખાઇ હાય બનો કાં સહુ ક્રિસ્તાન
હડ્ડી સુવરની ભ્રષ્ટ ચીનીમાં અરે બંધુઓ બહુ જન ખાય
હાય હાય એ ભ્રષ્ટ ચીનીને કાં ઇસ્લામી બંધુ ખાય. ૧

ધ્યાન દઇને સુણો બંધુઓ કુરાન પણ શું કરે પુકાર
સુવરની હડડી જમવાથી નિશ્ચય દોજક વાસ થનાર

પેગંબર પણ કોપે નિશ્ચય ભ્રષ્ટ ચિનીને જમતાં હાય !
હાય હાય એ ભ્રષ્ટ ચિનીને કાં ઈસ્લામી બંધુ ખાય. ૨

"આયત કુદશી" સાફ લખે છે બહેસ્ત તેને નહી મળનાર
ખરો મુસલમીન કહો હવે કોણ ભ્રષ્ટ ચીનીનો છે ખાનાર
બહેસ્તને જો ચાહો બંધુ નહીં અડકશો જીવ જતાંય
હાય હાય એ ભ્રષ્ટ ચીનીને કાં ઇસ્લામી બંધુ ખાય. ૩

હજારો મણ હડ્ડી સુવરની ભ્રષ્ટ ચીનીની માંહે નખાય
શર્મ શર્મ છે શર્મ અતિશય કે ઇસ્લામી પણ એ ખાય
ઇમાનના અહંકારી ભાઈઓ ઇમાન એથી અધીક લજાય
હાય હાય એ ભ્રષ્ટ ચીનીને કાં ઇસ્લામી બંધુ ખાય. ૪

એક લાખ ટન હડ્ડી વિદેશોં દરવરસે હિન્દેથી જાય
હજારો મણ હડ્ડી સુવરની દરવરસે તે માંહે સમાય.
હવે ઉંઘો શું વીર બંધુઓ કંઇક વિચારો દિલમાં હાય
હાય હાય એ ભ્રષ્ટ ચીનીને કાં ઈસ્લામી બંધુ ખાય. ૫

કેડ કસીને કુદી પડો યાહોમ કરી મુજ વાહલા ભાઈ
કે બીજા ઇસ્લામી બંધુ જીવ જતાં પણ એ નવખાય
નથી દેતા દાગીનો ઘસવા પીછી બનેલી સુવર વાળ
હાય હાય એ ભ્રષ્ટ ચીનીને કાં ઈસ્લામી બંધુ ખાય. ૬

હરામ કરો બીજાને કરાવો નહીં અડકશો તેને હાય
થયા ગુન્હાની માફી માગો ખુદાની પાસે લાગો પાય
પેટે બરતાં વધુ વદયો હઉં માફી નવલને દેજો ભાઇ
હાય હાય એ ભ્રષ્ટ ચીનીને કાં ઇસ્લામી બંધુ ખાય. ૭